# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૪ તા.૨૮-૦૩-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર, ICT લેબ, તથા જ્ઞાનકુંજની જાળવણી રાખવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે. એસએસએની સ્ટેટ પ્રોજેકટ કચેરી ગાંધીનગર દ્વારા ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (આઇસીટી) ને સામાજિક પરિવર્તન અને રાષ્ટ્રીય પ્રગતિ માટે ઉત્પ્રેરક તરીકે વૈશ્વિક રૂપે સ્વીકારવામાં આવેલ છે. કોમ્પુટર એડેડ લર્નિંગ મારફત વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરને સુધારવા અને કોમ્પ્યુટર શિક્ષણ પ્રદાન કરવા માટે અમદાવાદ મ્યુનિ. પ્રાથમિક શાળાઓમાં ૨૨ (બાવીસ) કોમ્પ્યુટર લીટરસી સેન્ટર Computer Literacy Center - M/s Ashoka Buildcom Ltd. તથા (૧૨૭) શાળાઓમાં "ICT Learning Lab. (૨૮૪) શાળાઓમાં ૧૨૩૮ જેટલા જ્ઞાનકુંજ વર્ગખંડોને ICT Learning Lab - M/s Armee Infotech Pvt. Ltd. ને સમગ્ર શિક્ષા સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગરથી એજન્સીને કામગીરી આપવામાં આવેલ છે.

આ એજન્સી દ્વારા નીચે મુજબના સાધન સામગ્રી શાળાઓમાં આપવામાં આવેલ છે જેની મુખ્ય શિક્ષકશ્રી દ્વારા યોગ્ય ચકાસણી કરી ડીલીવરી એજન્સી મારફત લેવાની રહેશે.

<table>
<tr><td colspan="2">Computer Literacy Center-<br>M/s. AshokaBuildcon Ltd<br>Survey No 398A,Village Fatehwadi,Opp.AudiWorkshop,Sarkhej-Bavla Road,<br>Ahmedabad-382210.<br>Help Desk Contact Details :-91-9909953863, 7435821197,9099982503<br>E-mail :-<br>helpdesk.GJElementary@ashokabuildcon.in</td><td colspan="4">ICT Learning LabAnd Gyankunj Class.<br>M/s. ArMee Infotech Pvt. Ltd<br>1002-3,Akik Tower,Opp.RajpathClub,S.GHighway,Boadakdev,<br>Ahmedabad-380054<br>Help Desk No : 079-49114949<br>8238098660,9727700277<br>E-mail:-support@armeeinfotech.com</td></tr>
<tr><td colspan="2">!5 Thin Client & 1 Server, WAP, LAN Switch, Cabling & Electrification<br>Server- Dell POWEREDGE T40<br>LG 19M38AB Monitor<br>Thin Client - INP i1000BT<br>LG 19M38AB Monitor<br>Zebronics Headphone</td><td colspan="2">15 Desktop Computer, LAN Switch, Cabling & Electrification<br>Desktop- Veriton M200-H510</td><td colspan="2">Inteactive Panel, Laptop, accessories & electrification<br>Panel- ACER IZ65A<br>Laptop- Acer One 14 Z2-493</td></tr>
<tr><td>Schools</td><td>Computer Lab</td><td>Schools</td><td>Computer Lab</td><td>Schools</td><td>Smart Classes</td></tr>
<tr><td>22</td><td>22</td><td>131</td><td>131</td><td>284</td><td>1238</td></tr>
</table>

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

સમગ્ર શિક્ષા અંતર્ગત બાળકોને ગુણવત્તાલક્ષી શિક્ષણ મળે અને દરેક બાળકને ડીજીટલ શિક્ષણનું જ્ઞાન પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર,ICT લેબ,તથા જ્ઞાનકુંજ વર્ગો ધરાવતી શાળાઓમાંઆપવામાં આવેલા તમામ ઉપકરણો ચાલુ હાલતમાં રાખવાની જવાબદારી જે તે શાળાના મુખ્ય શિક્ષક શ્રી/નોડલ શિક્ષકશ્રીની અંગત જવાબદારી રહેશે. બંધ પડેલ અથવા તો બગડેલ ઉપકરણો માટે નોડલ શિક્ષકશ્રી/મુખ્ય શિક્ષક શ્રી દ્વારા હાર્ડવેરકે સૉફ્ટવેરને લગતી સમસ્યાઓ માટેએજન્સીના હેલ્પલાઈન નંબર તથા ઓનલાઈન પોર્ટલ પર અને ઇ-મેલ મારફત ફરિયાદ નિવારણ માટેની નોંધણી ફરજીયાત કરાવવાની રહેશે. આ એજન્સીને સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેકટ કચેરી ,ગાંધીનગરથી પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે અને કોઈ પણ હાર્ડવેર કે સૉફ્ટવેર સમસ્યાનું નિવારણ દિન-૩ માં એજન્સી દ્વારા કરવા કોન્ટ્રાક્ટના કરારમાં આપવામાં આવેલ છે.

શાળામાં આપવામાં આવેલ જ્ઞાનકુંજ અને ICT લેબની જાળવણી માટે નીચે મુજબના મુદ્દાઓ ધ્યાનમાં રાખવાના રહેશે.

1. શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર, ICT લેબ તથા જ્ઞાનકુંજ વર્ગો ધરાવતી શાળાઓમાં મુખ્ય શિક્ષક શ્રી દ્વારા શાળાના એક શિક્ષકશ્રી ને જે તે વર્ગના નોડલ બનાવવાના રહેશે.
2. શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર, ICT લેબ તથા જ્ઞાનકુંજ શાળાઓમાં શાળાના કોમ્પ્યુટરના જાણકાર અને ટેકનોસેવી શિક્ષકશ્રીને ICT લેબના નોડલ બનાવવાના રહેશે.
3. શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર,ICT લેબ તથા જ્ઞાનકુંજ ધરાવતી શાળાઓમાં જ્ઞાનકુંજ વર્ગમાં જે તે નોડલ શિક્ષકશ્રીનું નામ અને મોબાઈલ નંબર માહિતી તથા એજન્સીના હેલ્પલાઈન નંબરની વિગતો વર્ગખંડમાં લગાડવાની રહેશે.
4. શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર, ICT લેબ તથા જ્ઞાનકુંજ ધરાવતી શાળાઓમાં જ્ઞાનકુંજના વર્ગો અને ICT રૂમ માટે શાળાના કોમ્પ્યુટરના વધુ જાણકાર વિદ્યાર્થીની જે તે વર્ગના નોડલ તરીકે નિમણૂક કરવી જેથી આપવામાં આવેલ ડીજીટલ સાધન-સામગ્રીની યોગ્ય જાળવણી થઇ શકે.
5. શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર, ICT લેબ તથા જ્ઞાનકુંજ રૂમની નિયમિત ફરજિયાત પણે સાફ સફાઈ કરાવવી. કોમ્પ્યુટરનો ઉપયોગ પૂર્ણ થઇ ગયા બાદ આપેલ ડસ્ટ કવરથી ફરજિયાત ઢાંકવા તથા જ્ઞાનકુંજ અન્વયે આપવામાં આવેલ ઈન્ટરેકટીવ પેનલ અને લેપટોપની યોગ્ય જાળવણી કરવાની રહેશે.
6. શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર, ICT લેબ તથા જ્ઞાનકુંજ લેબમાં ટાઈમ-ટેબલ બનાવી તે મુજબ અનુસરવાનું રહેશે જેથી શાળાના દરેક વર્ગના બાળકોને ડીજીટલ શિક્ષણ નો લાભ લઇ શકે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

7. શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર, ICT લેબ તથા જ્ઞાનકુંજ વર્ગોમાં વાયરીંગ કે અર્થિંગમાં કોઈ પણ ખામી હોય તો શાળા કક્ષાએથી તાત્કાલિક નિવારણ લાવવું. (આ ખર્ચ શાળા ગ્રાન્ટમાંથી કરી શકાય)
8. શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર, ICT લેબ તથા જ્ઞાનકુંજ વર્ગોના કોમ્પ્યુટર લેબ તથા લેપટોપમાં G-ShalaApplication નો શાળાઓના શિક્ષકોના ટીચર કોડ થી તથા બાળકાનો આધાર ડાયસના યુનિક આઈ.ડીથી ઓફલાઈન તથા ઓન લાઈન મહત્તમ ઉપયોગ કરવો તથા અઠવાડિયામાં બે  કે ત્રણ દિવસ ઇન્ટરનેટ સાથે કનેક્ટ કરવું જેથી શાળાઓ કેટલો ઉપયોગ કરે છે જેનું સમગ્ર શિક્ષા, ગાંધીનગરથી મોનીટરિંગ કરી શકાય.
9. શાળામાં આપવામાં આવેલ ડીજીટલ ઉપકરણોની ચાલુ હાલતમાં રાખવાની જવાબદારી પ્રથમ જે તે નોડલ શિક્ષકશ્રીની રહેશે ત્યારબાદ મુખ્ય શિક્ષક શ્રી દ્વારા શાળામાં આપવામાં આવેલ તમામ ઉપકરણો વ્યવસ્થિત ચાલુ હાલતમાં છે કે કેમ ? તેની તકેદારી રાખવાની રહેશે,
10. જ્ઞાનકુંજ અને ICT લેબમાં ચોરી / શોર્ટ સર્કિટ કે આગથી થયેલ નુકશાન અંગેની કાયદેસરની ફરિયાદ પોલીસ ખાતાને કરવી અને થયેલ ફરિયાદની જાણ એસ.એસ.એ કચેરીએ જિલ્લા એમ,આઈ.એસને લેખિતમાં એફ.આઈ.આર કોપી સાથે કરવી.
11. શાળાઓમાં આપવામાં આવેલ કોમ્પ્યુટર લીટરસી સેંન્ટર, ICT લેબ તથા જ્ઞાનકુંજ વર્ગોમાં આપવામાં આવેલ કોઈ પણ સાધન સામગ્રી શાળાઓની બહાર અંગત વપરાશ અર્થે લઇ જઈ શકાશે નહિ જો આવી બાબતો ધ્યાન ઉપર આવશે તો શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની ફરજ પડશે.
12. શાળામાં આપવામાં આવેલ તમામ ઉપકરણોની ફરજીયાત શાળાના ડેડસ્ટોક રજીસ્ટરમાં નોંધણી કરવાની રહેશે. ઓડિટ સમયે બતાવવાના રહેશે.
13. શાળામાં આપવામાં આવેલ તમામ ઉપકરણો નો રોજે રોજ અભ્યાસિક પ્રવૃત્તિ માટે ઉપયોગ કરવાનો રહેશે.
14. આપના ઝોનના યુ.આર.સી./સી.આર.સી.કો.ઓ.શ્રી દ્વારા શાળા મુલાકાત દરમ્યાન આપવામાં આવેલ ઉપકરણો નો યોગ્ય વપરાશ અને ઉપકરણો ચાલુ હાલતમાં છે કે કેમ ? અને જો ચાલુ હાલતમાં ન હોઈતો હાર્ડવેરકે સૉફ્ટવેરને લગતી સમસ્યાઓ માટે એજન્સીના હેલ્પલાઈન નંબર તથા ઓનલાઈન પોર્ટલ પર અને ઇ-મેલ મારફત ફરિયાદ નિવારણ માટેની નોંધણી કરાવેલ છે તેની જાણ કરવાની રહેશે.

તા.૨૮-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી